### રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાન અંતર્ગત આયોજન

# EDIએ 11 રાજ્યમાં 27,400 ઉદ્યોગ સાહસિકોને તૈયાર કર્યા

## ઉદ્યોગ સાહસોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો ઉદ્દેશ: EDI

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (એસવીઈપી)ના ભાગરૂપે 11 રાજ્યોના 42 તાલુકાઓમાં 27,400 ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરાયા છે. ઈડીઆઈએ ગ્રામીણ વિકાસ મંત્રાલયના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાન (એનઆરએલએમ)ની પેટા યોજના એસવીઈપી અંતર્ગત ગામડાઓમાં ગ્રામીણ આજીવિકા અને રોજગારીને તૈયાર કર્યા છે.

આ ઉદ્યોગ સાહસિકોમાં 10,839 મહિલાઓ અને 16563 પુરુષો તથા એક ટ્રાન્સજેન્ડર છે. ઈડીઆઈ તરફથી ગુજરાત, મધ્યપ્રદેશ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઓડિશા ઝારખંડ, છત્તીસગઢ, તેલંગાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશના રાજ્યોમાં 42 તાલુકાઓમાં એસવીઈપીનો અમલ કર્યો છે. આ ઉપરાંત ઈડીઆઈએ આસામ અને ઉત્તરાખંડ એમ બે રાજ્યોમાં વધુ 11 તાલુકાઓમાં આ માટેની પ્રક્રિયા શરૂ કરી છે.

ઈડીઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘છેલ્લા થોડાક વર્ષોમાં ઊભી થયેલી ઘણી કંપનીઓ તેમના વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવા વૃદ્ધિના તબક્કામાં પ્રવેશ કર્યો હતો.’ તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, ‘દેશમાં હાલ નાની કંપનીઓમાં મહત્ત્વપૂર્ણ નોંધણી ન થયેલી કંપનીઓ મહત્ત્વપૂર્ણ હિસ્સો ધરાવે છે.

એસવીઈપીનો ઉદ્દેશ્ય આમાંથી મોટાભાગના ઉદ્યોગ સાહસોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો અને તેમને તેમના બિઝનેસ મોડલ માટં ફંડ મેળવવા માટે મદદ કરવાનો છે. આથી તેઓ તેમની કામગીરી વધારે અને ગ્રામીણ વિસ્તારોમાં વધારે રોજગારી પેદા કરી શકે છે. એસવીઈપી આ નાના ઉદ્યોગસાહસિકોને તાલીમ આપે છે. આ ઉદ્યોગ સાહસો લાંબા ગાળે માટે ટકી શકે માટે કુશળતાની જરૂર છે.